


કેતકી જાની
feedback.ladki@
bombaysamachar.com

# મમ્મીને મદદ કરવાને લીધે મને પિયરવખ્ખુ કહીને વગોવાય છે

*સવાલઃ હું ૪૫ વર્ષની નોકરી કરતી બે બાળકોની માતા છું. પ્રોબ્લેમ એ છે કે પિયરમાં મારી મમ્મી એકલી જ છે, પપ્પા પાંચ વર્ષ પહેલાં ગુજરી ગયા અને એક માત્ર સંતાન હોવાથી તેઓ મારી જવાબદારી છે તેવું હું માનું છું. પપ્પાનું પેન્શન આવે છે તેથી આર્થિક તો ઓછી જરૂર પડે, પણ છતાં ક્યારેક મારા મનથી હું મમ્મી માટે કાંઈ લઉં, તેમને સાચવું તે મારાં સાસુ-સસરાને આંખમાં ખૂંચે છે. મારા પતિની કાનભંભેરણી કરી ઘરમાં ઝઘડા કરાવે છે. બધા સામે પિયરવખ્ખુ કહીને વગોવે છે. મારે શું કરવું એ બોલો, આ કંકાસથી બચવા હું છાનામાના મમ્મી માટે જે કરવું હોય તે કરી લઉં છું. મને હંમેશાં તેનો ડંખ રહે કે આ ખોટું છે, પણ હું શું કરું સમજાતું નથી.*

**જવાબ** પ્રિય બહેન, તમારા ઘરવાળા લોકો જો તમારી ભાવના સમજતા ના હોય તો તમે જે કરો તે જ કરવું પડે તેના સિવાય કોઈ જ આરોઓવારો નથી જ. પરંતુ તમારે એ રીતે કંકાસથી સતત ડરવાનું નહીં.

જ્યારે જ્યારે તક મળે સાસુ-સસરા-પતિને કહેતા રહેવાનું કે હું જે કરી રહી છું તે મારી ફરજ છે, હું ફરજમાંથી કેવી રીતે છટકી શકું? તેમને આડકતરી રીતે વિવિધ વાતોથી એવો સંદેશ જવો જોઈએ કે જે ઘરમાં તમે લાડ-પ્રેમથી ઊછરી પરણવા જેટલાં થયા ત્યારે પરણીને આ ઘરે પ્રેમથી આવ્યા તે ઘર તો તમારા માટે સ્વર્ગ જ હોવાનું ને? અને હા, માતાનું સંભાળવામાં તમે સાસરાનું જ સારું બતાવો છો સમાજમાં. લોકો શું કહેશે જો તમે તમારી જ એકલી વૃદ્ધ માતાનું ધ્યાન નહિ રાખો તો? આપણાં સમાજમાં હવે દીકરીઓ પોતાની રીતે નિર્ણય લેતી થઈ છે, તે ખરેખર સ્ત્રી સ્વતંત્રતા તરફની આગેકૂચ છે અને સન્માન યોગ્ય છે. તમારી માતા પ્રત્યેની ફરજનિષ્ઠાને હું તો બિરદાવું છું, મને લાગે છે કે એક દિવસ તમારા પતિ - સાસુ - સસરા પણ ચોક્કસ તમારી ભાવદશા સમજશે, છતાં તેઓ સમજે ત્યાં સુધી રાહ જોઈ ના શકો. તમારે તમારી રીતે માતાને મદદ કરવાની જ. તમે કાંઈ ખોટું નથી કરી રહ્યાં. આ પ્રમાણે વર્તીને વ્યક્તિ ખોટું ત્યારે જ બોલે ને કે જ્યારે તેને ડર હોય કે જે તે સ્થિતિ વિશે જણાવીશ તો સામેની વ્યક્તિ સહન નહિ કરી શકે, ઘરમાં-જીવનમાં આવતા કકળાટને ટાળવા તમે જે પણ રસ્તો અખત્યાર કર્યો છે તે લેશમાત્ર ખોટો નથી. 'ખોટા'ના બોજ તળે તમારા અંતરાત્માને હેરાન કરવાનું અબઘડીથી છોડી દો, અસ્તુ.

# ખૂબ ધ્યાન આપવા છતાં દીકરાને ઓછા માર્ક્સ જ આવે છે

*સવાલઃ મારો પુત્ર હમણાં પ્રાથમિક શિક્ષણ લઈ રહ્યો છે. એક જ સંતાન હોવાથી અમે તેનું ખૂબ જ ધ્યાન રાખ્યું છે. ઉછેરમાં કોઈ જ કમી ના રાખી હોવા છતાં તે ભણવામાં ખૂબ જ નબળો છે. માંડ માંડ પાસ થાય છે. તેનાં સારા રિઝલ્ટ માટે સારામાં સારા ટ્યૂશન હોવા છતાં ટ્યૂશન ના હોય તેવાં પડોશી બાળકો સારા માર્ક્સ લાવે છે. શું કરવાથી તેનો માનસિક વિકાસ થાય? ગમે તેટલું ટોકું તેને અસર જ ના થાય તેને, શું કરવું મારે?*

**જવાબ** પ્રિય બહેન, સૌપ્રથમ તો મારે તમને એક વાત કહેવી છે કે મહેરબાની કરી તમારા બાળકની અન્ય બાળકો સાથે સરખામણી કરવાની ટેવ અબઘડી જ છોડી દો. ગુલાબનું ફૂલ જે ફોરમ આપે તે જ ફોરમની અપેક્ષા આપણે મોગરાના ફૂલ પાસે રાખીએ છીએ? ગુલાબની પોતાની મહેક-સુંદરતા છે અને મોગરાની પોતાની. શા માટે તમે નાહક માનસિક રીતે પરેશાન થાવ છો આ તદ્દન પાયાવિહીન સરખામણી કરીને? તમે જાણો છો કે તમારી આ સરખામણી એમણે જ તમારા બાળકનાં મનમાં તમારા પ્રતિ છૂપો રોષ પેદા કરે છે?

દરેક બાળક એક વિશિષ્ટ ક્ષેત્રમાં ચોક્કસ હોશિયારી સાથે જ જન્મે છે. તમારા બાળકમાં રહેલી તે વિશિષ્ટતા શોધવાનો તમે કદી પ્રયત્ન કર્યો છે? બાળકના વિકાસમાં તમે માત્ર સારા ટ્યૂશન રાખી પૈસા ખર્ચો એટલે તમારી ભૂમિકા પૂરી, તેમ માનતા હોવ તો માફ કરજો, પણ મારે કહેવું પડશે કે તમે ભીંત ભૂલો છો.

બાળકને ભાવનિક જરૂરિયાતો પણ હોય છે બહેન. ભાવના જગતનો કોઈ પણ બાળકની યાદદાસ્ત ઉપર જોરદાર પ્રભાવ હોય છે. નકારાત્મક કે નકારાત્મક અનુભવો બાળકના શિક્ષણ પ્રવાસના સાથી હોય છે. મારીને, ધમકાવીને, ગુસ્સો કરીને, બરાડા પાડીને ભણાવવાથી બાળકોને ભણાવી શકાતાં નથી. શીખવાનો - ભણવાનો અનુભવ જો આનંદદાયી હોય તો કોઈ પણ બાળકનું મન આપોઆપ શિક્ષણ પરત્વે ખેંચાય છે. તેને મન થાય છે કે લાવ ભણું, આનાથી જ મને નવું નવું જાણવા મળે છે, એટલે કે તેની જિજ્ઞાસાવૃત્તિને સંતોષે તેવો આનંદદાયી અનુભવ બાળકોને શિક્ષણમાં અવ્વલ બનાવતી ગુરુચાવી છે.

ભાવનાત્મક સુરક્ષા બાળકોને માનસિક સ્થિરતા આપે છે. ચંચળતા કોઈપણ બાળપણનું એક અનિવાર્ય અંગ છે. તેને કારણે બાળમનમાં વિવિધ પ્રકારના ડર-બીક-ધાક હોય છે જે તેના સમગ્ર વિકાસમાં ભાગ ભજવે છે. માટે તમે જો તમારા બાળકને ખરેખર પ્રેમ કરતા હો તો તેના વ્યક્તિત્વને ઓળખવાનો ખરેખર પ્રયત્ન કરો. સવારથી સાંજ સુધી તેનું નિરીક્ષણ કરો એક દિવસ. તમને તેનામાં શું છે? તેને શેમાં રસ પડે છે? તે બધું સમજાવાનું શરૂ થશે. તેને બોલવા દો અને તમે ચૂપ રહો ક્યારેક. તેના મનમાં ધરબાયેલ ડર, આનંદ તે ધીરે ધીરે નિઃસંકોચ વ્યક્ત કરે તેની રાહ જુઓ. તેને ફટાફટ ભણવામાં હોશિયાર કરી દે તેવું કોઈ ટોનિક છે, તેવું મેં તો હજી સુધી સાંભળ્યું નથી, તેને, તેની શારીરિક - માનસિક મર્યાદાને સમજો. તમે જે ધ્યાન રાખ્યું છે તેમાં તમારી કંઈ ગફલત તો નથી થઈ ને? માત્ર પૈસા ખરચી જાણવાને તમે ધ્યાન રાખ્યું નથી ગણતા ને? તમે અને તમારા પતિ તેને સમય આપો છો? તે શાળામાં કોની સાથે રમે - ભણે - ઊઠે - બેસે - ફરે છે તે તમે જાણો છો? તેના રસના વિષય વિશે સત્વરે જાણી તમારે તેને પહેલા તેમાં પ્રોત્સાહન આપવાનું શરૂ કરવું જોઈએ. તેનો વિશ્વાસ કેળવો પહેલાં અને પછી તેને અઘરા લાગતા વિષયમાં ધ્યાન કેન્દ્રિત કરો. જે-તે વિષયને કોઈ અલગ સરળ રીતે સમજી શકાય તેમ છે કે કેમ? આ વિચારી તેને અનુકૂળ રીતે તે સમજી શકે તેની વ્યવસ્થા કરો. માટે સૌપ્રથમ તેને તમારા 'હાઉ'થી મુક્ત કરી સ્વતંત્ર વ્યક્તિત્વ તરીકે ખીલવા દો, ખુલવા દો. તમને જરૂર એ તત્ત્વ મળશે, જેમાં તે બીજા બધા જ હમઉમ્ર બાળકો કરતાં ખૂબ જ સારો હશે. અસ્તુ. ■

સવાલ આ ઈ-મેઈલ પર મોકલી આપો savaal@bombaysamachar.com

## બૉક્સિંગે બંદૂકથી બચાવી (પહેલા પાનાનું ચાલુ)

પ્રતિનિધિત્વ કરીને સિલ્વર મેડલ મેળવ્યો. ગળે ફાંસીનો ફંદો આવી શક્યો હોત, પણ હવે મેડલ આવી પડ્યો. ત્યાર બાદ તેણે કેટલાક ચંદ્રકો જીત્યા, પણ ૨૦૧૨માં લંડન ઑલિમ્પિક્સ માટે એ ક્વોલિફાય ન થઇ શકી. એટલે ગામમાં વધુ સમય રહેવા મળ્યું, પણ ત્યાં તેણે જે કંઈ જોયું એ જોઈને ખૂબ વ્યથિત થઇ ગઈ. 'મેં જોયું કે સાતમા-આઠમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ ડ્રગ્સના રવાડે ચડી ગયા છે. મને બહુ દુઃખ થયું. એ વખતે હું પ્રેગ્નન્ટ હતી.હું જઈને કેટલાક પેરન્ટ્સને મળી. તેમનાં બાળકોને મારા ઘરે મોકલવા સમજાવ્યા જેથી હું તેમને બૉક્સિંગ કરતા શીખવી શકું.'

શરૂઆતમાં સારો પ્રતિસાદ ન મળ્યો. બહુ ઓછા વાલીઓ પોતાનાં સંતાનોને મોકલવા રાજી થયાં. 'ધીમે ધીમે વિશ્વાસ સંપાદિત થતો ગયો અને શીખવા આવતાં બાળકોની સંખ્યા વધવા લાગી. એટલે પછી મેં ઘરની બદલે કમ્યુનિટીના હૉલમાં તાલીમ આપવાનું શરૂ કરી દીધું.' નાના પાયે શરૂ થયેલી સરિતા રિજિયોનલ બૉક્સિંગ એકૅડેમી હવે એક ટ્રેઇનિંગ સેન્ટર બની ગયું છે જ્યાં ૭૦ બાળકો તાલીમ લઇ રહ્યાં છે. હવે એક કોલેજના ઇન્ડોર હૉલમાં તાલીમ આપવામાં આવી રહી છે. આ સેન્ટરમાં બે બૉક્સિંગ રિંગ છે, પણ વધુ સગવડો નથી. આ વર્ષના પ્રારંભમાં એકૅડેમીના બે ટ્રેઇનીઓએ ખેલો ઇન્ડિયામાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યા છે. હવે આ બેઉ બોક્સરોને ખેલો ઇન્ડિયા યોજના હેઠળ આવરી લેવાયા છે અને દર મહિને તેમને દસ હજાર રૂપિયાનું સ્ટ્રાઈપેન્ડ આપવામાં આવે છે. વાત આટલેથી નથી અટકતી. એકૅડેમીના ચાર બોક્સરોને દેશના અગ્રણી બૉક્સિંગ સેન્ટરની ઓળખ ધરાવતા પુણેની આર્મી સ્પોર્ટ્સ દ્વારા વધુ તાલીમ અપાઈ રહી છે. સરિતાદેવી જણાવે છે કે 'અમારી પાસે ઝાઝી સગવડો નથી. એટલે વિદ્યાર્થીઓ જુનિયર લેવલમાં સ્થાનિક સ્તરે સારો દેખાવ કરે એ પછી તેમને આર્મી ઇન્સ્ટિટ્યૂટમાં મોકલવામાં આવે છે. આ વર્ષે તો સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાના અધિકારીઓ એકૅડેમીની મુલાકાતે આવ્યા હતા અને ૪ ટ્રેઇનીઓને આંશિક મદદ કરવા તૈયાર થયા છે. આ પ્રકારે સહાય મળતી રહે તો કિશોરોને આગળ વધવામાં ખૂબ મદદ થઇ શકે છે. કેટલાંક બાળકો તો એવા ગરીબ પરિવારોમાંથી આવે છે કે તેમની પાસે સ્કૂલની ફી ભરવાના પૈસા પણ નથી હોતા.' સરિતાનો આ પ્રયાસ ધીમે પણ મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે. એને વધુ વેગ સાંપડે અને વધુ બાળકો ખોટા રસ્તે આગળ વધતા અટકે એવી શુભેચ્છા તો આપીએ ને ! ■

## કથા કોલાજ (ત્રીજા પાનાનું ચાલુ)

એ એની મરજીથી રસોડામાં આવે કે કંઈ શીખવા માગતી હોય તો જરૂર શીખે, પણ ફક્ત સ્ત્રી છે એટલા ખાતર એને શીખવું જોઈએ એવો આગ્રહ મેં ક્યારેય નથી રાખ્યો...

જોકે, મારી મમ્મી અને પપ્પા વચ્ચે એટલો ફેર હતો... કે મમ્મી મારી પાસેથી એક ડાહી દીકરી બનવાનો આગ્રહ રાખતી ને પપ્પા મને આ તોફાનોની ફરિયાદમાંથી સાંગોપાંગ બચાવી લેતા. ભણવામાં હોશિયાર હતી એટલે બાકી કોઈ સમસ્યા નહોતી. મમ્મી વારંવાર કહ્યા કરતી કે જો આમને આમ ચાલશે તો સમાજમાં કોઈ છોકરો લગ્ન માટે તૈયાર નહીં થાય. હું જવાબ આપતી, ''તે મારે ક્યાં લગ્ન કરવા છે !'' જામજોધપુરમાં આજે પણ તેવા વડીલો છે કે જેમને મારા તોફાનો યાદ છે...

મારાં તોફાનોથી થાકી હારીને પપ્પા મમ્મીએ મને પોરબંદરના આર્ય કન્યા ગુરુકુળમાં મૂકવાનો નિર્ણય કર્યો. તેમને હતું કે ત્યાં મૂકવાથી હું સુધરીશ અને તેમનો એ નિર્ણય ખૂબ સાચો ઠર્યો. આઠમા ધોરણથી મેં આર્યકન્યા ગુરુકુળમાં પ્રવેશ કર્યો અને એ સાથે જ મારું વ્યક્તિત્વ ધરમૂળથી બદલાઈ ગયું. અહીં આવ્યા પછી મને જિંદગીની સમજ આવી, મારાં મૂલ્યો બદલાયાં, મારો આખો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. મને લાગ્યું કે મારા થકી મમ્મી પપ્પાને ઘણી માનસિક પીડા પહોંચી છે, હવે ગુરુકુળમાંથી મારી કોઈ ફરિયાદ તેમને ન થાય તેનું હું ખૂબ ધ્યાન રાખતી. (ક્રમશઃ) ■

## નામુમકિન હુઆ મુમકિન (ત્રીજા પાનાનું ચાલુ)

હતી. એલિને જ્યારે એક પુત્ર જોડે વાત કરી કે તેની માતા તમારા ઘરે છે, શું હું તેને મળવા આવી શકું? અને પેલા પુત્રે (જે એલિનનો સાવકો ભાઇ ગણાય) તેને પરવાનગી આપી. આયર્લેન્ડથી સ્કોટલેન્ડ સુધીનો પ્રવાસ ખેડીને જ્યારે એલિન તેની માતાના ઘરે પહોંચી ત્યારે આ સદી વટાવી ગયેલી માતા એક છાપું વાંચી રહી હતી. પોતાના દીકરી જમાઇ સાથે સ્કોટલેન્ડ પહોંચેલી એલિને માતાને ઓળખાણ આપી ત્યારે એ ખરેખર રોમાંચિત થઇ ઊઠી હતી. તેણે લાંબો સમય સુધી એલિનનો હાથ પોતાના હાથમાં રાખીને અલકમલકની વાતો કરી હતી. ત્રણ દિવસ સ્કોટલેન્ડ રોકાઇને માતા સાથે ખૂબ ખૂબ વાતો કરીને એલિન પાછી તો ફરી, પણ એ આ અદ્દભુત ઘટનાને ક્યારેય ભૂલવા નથી માગતી. ઘરે પાછી ફરી છે ત્યારથી ઘરના એકે કામ તેને સૂઝતાં નથી. તેના બાળકોને કહેતી હતી કે આખી જિંદગી મેં મારી માતાને પ્રેમ કર્યો, પણ હું તેને જાણતી ન હતી કે એ કેવી હશે અને ક્યાં રહેતી હશે. આખરે ઉંમરના આ પડાવે મને મારી મા મળી છે એ વિચારે જ હું તો અત્યારે પણ રોમાંચિત થઇ જાઉં છું. એલિન જે અનાથાશ્રમમાં ઉછરી ત્યાં વર્ષો પહેલાં લગ્ન થયા વગર કોઇ મહિલા બાળકને જન્મ આપતી તો અહીં મૂકી જતી. જોકે, અહીં કોઇ કલ્પનાના ઘોડા દોડાવીને એલિનની માતા ક્યા સંજોગોમાં એને અહીં છોડીને ગઇ હશે તે અંગે કોઇ કલ્પનાના ઘોડા દોડવવાની જરૂરત આટલાં વર્ષે નથી જ. આપણે તો આ ભાગ્યેજ જોવા મળતા મિલનને જોઇને હરખાઇએ. ઘણા એવા અનાથ બાળકો હોય છે જે જિંદગીમાં ક્યારેય પોતાની માતાને મળી શકતાં નથી, ત્યારે એલિન એવી સહભાગી નીકળી કે તેને મોડે મોડે પણ જનેતાની હૂંફનો સાક્ષાત્કાર થયો. એલિનનું નસીબ કહો તો નસીબ કે પછી જિજીવિષા કહો તો જિજીવિષા, તેને આખરે 'મા' મળી ખરી.

દેર આયે, પર દુરુસ્ત આયે! ■

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400001.on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**